સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ખાય છે ખાંડ મનમાં, ખોખલી સત્તામાં રાચે છે ?
ખેંચાય દોરી દિલ્હીથી દોલતાબાદ નાચે છે?
યુ-ટર્થથી લે પલ્ટી, મારે ગૂંલાટ કઠપૂતળાં
ને સત્તાની ખોટી ખેંચતાણમાં એકતા ઘાંચે છે!

હાઈકુ

હોય નિશ્ચિત -
ચોક્કસ આયોજન -
એ જ 'પરીક્ષા'

બદલે રંગ -
પારદર્શી મૂર્ખાઈ -
કાચંડી તંત્ર

ચિંતન

મા સે ધત્ સોમિનો દક્ષતા, મહે કૃણુધ્વ રાય આ-તુજે ।
તરણિર ઈત્ જયતિ ક્ષોતિ પુષ્યતિ, ન દેવાસઃ ॥

ઉપરોક્ત શ્લોક ઋગ્વેતમાંથી લેવામાં આવેલ છે.

હે આર્ય, પરસ્પર હિંસાથી દૂર રહો. હિંસાથી વિજય પ્રાપ્ત થતો નથી. વિજય મહત્તામાં છે અને મહત્તા અન્યોને નાના દેખાડવામાં નથી મહત્તા દક્ષતા પ્રાપ્ત કરવામાં છે.

ઋગ્વેદનો આ મંત્ર એક રીતે સુખનું સરનામું છે. પોતે માની લીધેલા સુખની પ્રાપ્તિ માટે માણસ યેનકેન પ્રકારેણ પ્રયત્નો કરે છે. આ માટે હિંસા કે અત્યાચાર સુદ્ધાંએ આચરે છે. આવા આચરણથી એ જે શોધી રહ્યો છે. એ સુખ તો મળતું નથી પણ સુખથી વિરુદ્ધ દિશામાં જાય છે.

દક્ષતા પ્રાપ્ત કરવા માટે ક્ષમતા એટલે કે કંઈક પ્રાપ્તિ માટેની લાયકાત કેળવવી પડે છે. અન્યોની ભૂલો પ્રત્યે સતત ધ્યાન કેન્દ્રિત કરવું એ કેટલાકની નબળાઈ હોય છે એ માણસ સુખ પ્રાપ્ત કરી શકતો નથી.

સુવિચાર

- કર્મો થકી વિશ્વ સફળ તમ ચરણે પડે, હો તાકાત કર્મોની ભાગ્ય પણ નમી પડે - **અખંડ આનંદ**
- પ્રોમિસ કરવું જ હોય તો... જાત સાથે કરવા જેવા ઘણા પ્રોમિસ છે,
  ... જે કરી ને પાળજો... કયારેય દુઃખી નહીં થાવ - **એસ. ભટ્ટાચાર્ય**
- ઉમ્મીદ વક્ત કા સબસે બડા સહારા હૈ, ગર હૌંસલા હૈ તો હર મૌજ મેં કિનારા હૈ - **સંકેત બુદ્ધિધન**
- અરમાન થોડા ઓછા કરીએ તો સ્વમાન વેચવાની જરૂર જ ન પડે - **વજુ કોટક**
- આત્મવિશ્વાસ એ સ્વાર્થ સાધવાનું નહીં, પણ પરમાર્થ કરવાનું સાધન છે, દરેક વ્યક્તિએ આત્મવિશ્વાસથી આત્મશ્રદ્ધા સુધી પહોંચવાનું છે. એ જ આત્મવિશ્વાસનું સાધ્ય છે - **ડો. હરિશ પારેખ**
- ધન, પુણ્ય, પત્ની, સંતાન પ્રાપ્તિ તથા સમૃદ્ધિ એ સત્કર્મના ફળરુપે જ પ્રાપ્ત થાય છે, પરાક્રમથી નહીં - **સંસ્કૃત સુભાષિત**
- આજનું ઔષધ : ગરમ પાણી બસો મિ.લિ. જેટલું લઈ તેમાં એક લીંબુ નિચોવી રૂમાલ. એમાં ભીંજવી તેને મોઢા પર સાધારણ ગરમ હોય ત્યારે મૂકવાથી ખીલ મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

પાણીપતનું ઐતિહાસિક યુદ્ધ પુરું થયું જેમાં મરાઠાઓની હાર થઈ અને અહમદ શાહ અબ્દાલીનો વિજય થયો. આ યુદ્ધમાં મરાઠાઓ તરફથી લડનાર મશહુર તોપચી ઈબ્રાહિમે અબ્દાલીની સેનાને સૌથી વધુ નુકશાન પહોંચાડ્યું હતું. ઈબ્રાહીમ જીવતો પકડાઈ ગયો એટલે એને અહમદશાહ અબ્દાલી સમક્ષ રજૂ કરવામાં આવ્યો.ઈબ્રાહીમને જોઈને અબ્દાલી ગુસ્સામાં ગર્જયો. હૈદરાબાદના નિઝામની નોકરી કેમ છોડી ? 'ઈબ્રાહીમે જવાબ આપ્યો' 'તેનો વ્યવહાર અને નિર્ણયો મારા નિયમોની વિરુદ્ધ હતા. અબ્દાલી બોલ્યો, 'તેં પણ ફિરંગી જેમ વર્તન કર્યું છે અને નિઝામને છોડીને મરાટાઓને સાથ આપ્યો છે. જો તું માફી માગે તો હું તને માફ કરી દઈશ.'ઈબ્રાહીમે કહ્યું, 'માફી કઈ વાતની ? અને તમે તો ખુદ એક લૂંટારા છો. ખુદાના ફરિશ્તા નથી.' અબ્દાલીએ કહ્યું, 'એક મુસલમાન થઈને તેં તારી જિંદગી બદબાદ કરી.' ઈબ્રાહીમે જવાબ આપ્યો 'બાદશાહ !! તમને ખુદને ખબર નથી કે સાચો મુસલમાન કોને કહેવાય. જે પોતાના મુલક સાથે દગો કરે, નિર્દોષ લોકોના કત્લ કરે,તે કયારેય મુસલમાન ન હોઈ શકે.' અબ્દાલી બોલ્યો, 'હજી માફી માંગ નહીંતર તારા શરીરના ટુકડા ટુકડા થઈ જશે.' ઈબ્રાહીમે હસતા હસતા કહ્યું, 'જનાબ, આપ ભલે મારા શરીરના ટુકડા કરજો પણ મારા આત્માને સ્પર્શી નહીં શકો.' અબ્દાલીએ કહ્યું, 'તને હજી પંદર દિવસ આપું છું. જો તું માફી માગે તો તને છોડી દઈશું અને અમારા સૈન્યમાં ઊંચો હોદ્દો આપીશું.' ત્યારે ઈબ્રાહીમે કહ્યું, 'માનવતા માટે શહીદ થનારા કયારેય માફી નથી માગતા.' આમ ઈબ્રાહીમ હિન્દુસ્તાનની આન માટે શહીદ થઈ ગયો.

બધે જ ભગવો ફરકે એવી સંભાવના

તંત્રીસ્થાનેથી...

હરિયાણા આમ તો પંજાબમાંથી ભાષાના મુદ્દે જુદો પડેલો પ્રદેશ. દિલ્હી અને રાજસ્થાન તથા ઉત્તરપ્રદેશ સહિત પંજાબની સરહદોને અડકતા આ નાનકડા રાજયમાં ખેડૂત વર્ગ મોટા પ્રમાણમાં છે. જો કે ગુડગાંવ અને ફરીદાબાદ જેવા શહેરી વિસ્તારોમાં હવે મેટ્રોપોલિટન દિલ્હી બ્રાંડ કલ્ચર પ્રવર્તે છે પરંતુ છતાં હજી સુધી હરિયાણામાં ગ્રામીણ વિસ્તાર અને ખેડૂતોનો દબદબો સાવ સમાપ્ત નથી થતો. ત્રણ લાલ - દેવીલાલ, બંસીલાલ અને ભજનલાલના નામે ઘણાં વર્ષો સુધી હરિયાણામાં 'આયારામ-ગયારામ' નું રાજકારણ ચાલ્યું. કોંગ્રેસ સામે સ્થાનિક ખેડૂત - જાટ સમાજના સમર્થનવાળા પ્રાદેશિક પક્ષો જબ્બર ટક્કર લેતા રહ્યા. ભારતીય જનતા પાર્ટીના અહીં ચણાયે નહોતા આવતા. એની છાપ 'લાલા પાર્ટી' તરીકેની અર્થાત્ વેપારીઓના પક્ષ તરીકેની હતી. હરિયાણાના દેવીલાલનો વક્કર દેશ અને દુનિયાએ જોયો છે. વડાપ્રધાનને એ ઝભ્ભાના ખીસ્સામાં રાખીને ફરતા હતા. નાયબ વડાપ્રધાન દેવીલાલના સરકારી નિવાસ પર ભેંસોનો તબેલો રહેતો અને પત્રકાર પરિષદથી માંડી સંસદમાં દેશી હરિયાણવી ભાષામાં 'ભ' અને 'ચ' સહિત ચૌધરી દેવીલાલ મનમાં જે આવે તે બકી નાખતા. ખેડૂતો માટે પંચતારક અશોક હોટલના દરવાજા ખોલવવાનું શ્રેય દેવીલાલના ફાળે જાય છે. જાટ વર્ચસ્વ ધરાવતા આ હિંદીભાષી રાજયમાં ખત્રી-વેપારી કોમના સ્વયંસેવક ખટ્ટરનું રાજ પણ આવી શકે એવું તો કોઈને સ્વપ્ને પણ નહીં વિચાર્યુ હોય. પરંતુ સમયની બલિહારી છે કે દેવીલાલ પુત્ર ચૌટાલા અત્યારે તિહાડવાસી છે, લાલુ પ્રસાદની જેમ એમનું પણ રાજકારણ ખતમ થઈ ચૂક્યું છે અને કોંગ્રેસના જાટ નેતા પૂર્વ મુખ્યમંત્રી હુડ્ડા રોબર્ટ વાડ્રાના જમીન કૌભાંડમાં ફસાયેલા હોવા ઉપરાંત સોનિયા ગાંધીની ગુડબુકમાં નથી રહ્યા કારણ કે એમને ૩૭૦મી કલમ હટાવાયા બદલ હરખ વ્યક્ત કર્યો હતો. દલિત મહિલા સેલજા પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ છે. ૩૭૦મી કલમના મુદ્દે હરિયાણામાં ભાજપ ક્લીન સ્વીપ કરી રહ્યું છે એવા વરતારા છે. આખરે હરિયાણામાં ઘેર ઘેર શહીદ સૈનિકોના ફોટા લટકે છે અને ગુજરાતમાંથી કેશુભાઈ પટેલના શાસનકાળ દરમિયાન પ્રદેશવટો ભોગવતા તત્કાલીન સંગઠન મંત્રી નરેન્દ્ર મોદીએ હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં જબરું સંગઠનકાર્ય કરી પાર્ટીને શૂન્યમાંથી શિખર પર પહોંચાડી હતી. જેનાં ફળ આજના મુખ્યમંત્રી અને તે સમયના એમના બ્રહ્મચારી સ્વયંસેવક ભોગવી રહ્યા છે. મહારાષ્ટ્રમાં શરદ કાર્ડ નબળું પડ્યું છે અને દેવેન્દ્ર-નરેન્દ્રનો સિક્કો ચાલ્યો છે. શિવસેનાએ ડાહીડમરી થઈ જઈ ઘટક પક્ષ તરીકે નંબર-ટુ વાળી પોઝિશન સ્વીકારી લીધી છે અને ઉદ્ધવ ઠાકરે માટે વન પોઈન્ટ પ્રોગ્રામ છે પુત્ર આદિત્યનું કેબિનેટકરણ. એને ઉપમુખ્યમંત્રીપદ આપવાની ખાનગી ઑફર થઈ હોવાની અફવા પણ છે. શરદ પવાર માટે હવે સાચા અર્થમાં નિવૃત્તિકાળ આવી ગયો છે. કોંગ્રેસ પાસે કોઈ સક્ષમ નેતા નથી બચ્યો. જે છે તે પૂર્વ મુખ્યમંત્રીઓના વારસદારો છે અને એમની સામે વિવિધ પ્રકારનાં કૌભાંડોની સંડોવણીના આક્ષેપો છે. ભાજપની મોડસ ઓપરેન્ડી મુજબ કોંગ્રેસ અને એનસીપીના ઘણા સક્ષમ નેતાઓએ પવન જોઈ પૂંઠ ફેરવી દીધી છે જેમાં છત્રપતિ શિવાજીના વંશજ પણ સામેલ છે. આખરે રાજકારણમાં સામ, દામ, દંડ અને ભેદ જેવી કૂટનીતિ સ્વીકૃત છે. આવી કૂટનીતિમાં માહેર નરેન્દ્રભાઈ અને અમિત શાહની જોડી ઉપરાંત દેશના સૌથી ધનિક ઉદ્યોગપતિ મુકેશ અંબાણી, અદાણી, તાતા અને બિરલા પણ એમની સાથે હોય ત્યારે સ્વાભાવિક છે કે જીત નક્કી છે!

હવે તેનાં બધાં સપનાં પુરાં થશે, તેની અનુપસ્થિતિમાં...

નવાં કલેવર
નટવર હેડાઉ

બધાં સપનાઓને પોતાની આંખોમાં સંકોરીને રણછોડે પોતાની આંખો બંધ કરી લીધી છે.

ગામડે એક બહેન તેમજ ઘરડી વિધવા માતાને મુકીને છેલ્લા બે વર્ષથી શહેરમાં આવી ગયો છે. પહેલા તો રોજ સવારે કડીયા નાકે જઈ ઊભો રહેતો. કોઈ નાનો મોટો કોન્ટ્રાક્ટર કે પછી મુકડદમ ને કામ પડે તો એક બે દિવસ રાખતા. તેમાં માંડ માંડ ખાવા પીવાનો ખર્ચ નીકળતો.

ક્યારેક ખૂલ્લા આકાશ નીચે રાતે ફૂટપાથ પર પડ્યો રહેતો. મોડી રાત્રે પોલીસની ગાડી નીકળે તો ઊઠીને ઝાડીમાં સંતાઈ જતો. એવું ન કરે તો દંડાનો માર પડતો તેનો પણ તે અનુભવ લઈ ચૂક્યો હતો. ઘણી વખત ગામડે પાછા જતા રહેવાનો વિચાર કરતો પણ ત્યાં કોઈ ધંધો-રોજગાર નહોતો. ખેતીની સિઝનમાં માંડ થોડા દિવસ કંઈક કામ મળતું તે સિવાય શું કરવું તે પ્રશ્ન હતો. તેથી તો તે શહેરમાં આવતો રહ્યો હતો.

છેલ્લા બે માસથી એક બિલ્ડરની નવી કન્સ્ટ્રકશન સાઈડ પર તેને કામ મળી ગયું હતું. બિલ્ડર સ્વભાવે સારો લાગતો હતો.રણછોડ પણ તનતોડ મહેતન કરતો હતો. હવે તેને એક આશા બંધાઈ હતી. એક દિવસ સાંજના સમયે કામકાજ પુરું કરી બગીચાના નળ પર હાથ-મોં ધોઈ સીટ પર જ જયાં રહેતો હતો ત્યાં જવા નીકળતો હતો તેવામાં સાઈટની ઓફિસની બહાર બગીચામાં તેણે બિલ્ડરને બેઠેલા જોયા. તે તેમની નજીક ગયો. બિલ્ડર હંસીને તેને પૂછ્યું, 'કેમ રણછોડ હવે કંઈ મુશ્કેલી નથી?'

'ના, સાહેબ કામકાજમાં તો કોઈ મુશ્કેલી નથી. તમારી દયાથી રહેવાની પણ સગવડ થઈ ગઈ છે.'

'બસ, ત્યારે પછી દિલ લગાવીને કામ કરો.'

'જી, એ તો કર્યું જ છું.'

'રામ, રામ... સાહેબ...

'રામ, રામ...' બિલ્ડરે કહ્યું અને તે લેપટોપમાં પોતાના કામમાં મશગુલ થઈ ગયો.

રણછોડને વિચાર આવ્યો કે બિલ્ડરને વાત કરવી જોઈએ બે-ત્રણ દિવલ બાદ ફરી એક સાંજે તે બિલ્ડર પાસે આવ્યો અને પોતાની વાત કહેવા તત્પર બન્યો પણ તે કોઈ કામમાં અને પછી સતત મોબાઈલ ફોનમાં વાત કરવામાં વ્યસ્ત હતા. મોડે સુધી રાહ જોઈ બેસી રહ્યો. છેવટે તેમની સાથે હવે વાત થઈ શકે તેમ છે. એમ લાગતા નજીક ગયો.

'શું રણછોડ કેમ આવ્યો છે?'

'રામ... રામ... સાહેબ બહુ મોટી આશ લઈને આવ્યો છું.'

'મારે બે લાખ રૂપિયા ઉછીના જોઈએ છીએ.' તેણે કરગરીને કહ્યું.

'સાહેબ, નાની બહેનનાં લગ્ન કરવા છે. તમારા કરજની પાઈ પાઈ ચૂકવી દઈશ. ભલે મારે જિંદગીભર તમારું કામ કરવું પડે. જુવાન બેનને ઘરમાં બેઠેલ જોવાતી નથી. ગામડે જાઉં તો લોકોને મહેણાં ટોણાં સહન થતાં નથી.'

'રણછોડ, બે લાખ રૂપિયા કંઈ મજાક નથી. તું આખો દિવસ પરસેવો પાડે છે ત્યારે માંડ ચારસો રૂપિયા કમાય છે, તેમાં બે લાખ રૂપિયા કઈ રીતે ચૂકવીશ ?' બે લાખ રૂપિયા આપવામાં બિલ્ડરને કયાંક કોઈ ફાયદો દેખાતો ન હતો.

ઘરનો મોટો દીકરો હોવાથી રણછોડ પર જ ઘરની બધી જવાબદારીઓ હતી. ઘરડીમાંની આંખનું ઓપરેશન પણ કરાવવું પડે તેમ હતું. બહેનનાં લગ્ન પણ કરાવવા હતા તેથી જ તો તે શહેરમાં આવી ગયો હતો.

સવારથી કામે લાગી જતો. મોડી રાત સુધી કામ કરતો રહેતો. તેની આંખો સામે માં અને બહેનની ચિંતા સદાય રહ્યા કરતી. મોટી મોટી અને ઊંચી ઈમારતો પર ચઢી કામ કરતો રહેતો.

આજે પણ રોજની જેમ જ કામ કરી રહ્યો હતો. પણ કોણ જાણે કેમ વાંસ ઉપરથી તેનો પગ લપસ્યો અને તે ધડામ દઈ નીચે પડતાં જ પ્રાણ પંખેરું ઉડી ગયું.

તે તો સૂતો છે પોતાની આંખમાં સપનાઓને સંકોરીને, આજુબાજુ લોકો ટોળે વળ્યા છે. બહુ કચકચ અને અવાજો આવી રહ્યા છે. પોલીસવાળા, બિલ્ડર, કોન્ટ્રાકટર, યુનિયન લીડર અને મીડિયાના માણસો પણ... તેના જીવતે જીવ કોઈએ તેના દુઃખ દર્દને સાંભળ્યું નહીં, આજે તેના દર્દની વાતો થઈ રહી છે. તેના માથે રહેતી જવાબદારીઓની વાતો થઈ રહી છે.

તે તો બે લાખમાં જિંદગીભર કામ કરવા તૈયાર હતો. આજ તેને પાંચ લાખ મળશે. હવે તેનાં બધાં સપનાં પુરાં થશે. તેની અનુપસ્થિતિમાં...

જીવતે જીવતા મોક્ષ પ્રાપ્તી કરી શકાય એવું 'મુક્તિ ભવન'

હિન્દુ ધર્મમાં જન્મ, મૃત્યુ, જીવન, મૃત્યુ પછી નર્ક, સ્વર્ગ, મુક્તિ કે મોક્ષ જેવી ઘણી માન્યતાઓ પ્રવર્તે છે. આ પ્રકારની કેટલીક માન્યતાઓને આપણાં કેટલાક પૌરાણિક ગ્રંથોનું સમર્થન પણ પણ મળે છે. મૃત્યુ અને મોક્ષનાં સંદર્ભમાં આપણાં કેટલાક પવિત્ર સ્થાનો જેવા કે હરિદ્વાર, ચાર

ધામ અને કાશી(વારાણસી) વિષે પણ ઘણી બધી ધાર્મિક અને અધ્યાત્મિક માન્યતાઓ પ્રવર્તે છે.

આમ જન્મ, મૃત્યુ અને મૃત્યુ પછી મોક્ષ વિષેની કેટલીક માન્યતાઓમાં એક દ્રઢ માન્યતા એવી છે કે કોઈપણ મનુષ્ય જો વારાણસી (કાશી)માં પોતાનાં અંતિમ શ્વાસ લે, પોતાનો ત્યાં જ દેહ છોડે અને પોતાની અંતિમક્રિયા પણ જો કાશીમાં જ થાય તો એ મનુષ્યને ફરી જન્મ લેવો પડતો નથી, આપણાં પૌરાણિક ગ્રંથો મુજબ મનુષ્યને જન્મ મૃત્યુના ચોર્યાસી લાખ ફેરમાથી પસાર થવું પડે છે પણ કાશીમાં જો વ્યક્તિ મૃત્યુને ભેટે તો જન્મોજનમનાં ફેરામાંથી તેને મુક્તિ મળી જાય છે, તેનાં આત્માને મોક્ષ પ્રાપ્ત થઈ જાય છે. આ વિચારધારા કે માન્યતા હેઠળ દર વર્ષે હજારો મનુષ્ય, પોતાને મોક્ષ મળી જાય એવી અપેક્ષાએ પોતાનાં અંતિમ દિવસો વિતાવવા માટે કાશી જતાં હોય છે. તેમાંથી ધણા લોકો કાશીમાં જ અંતિમ શ્વાસ લેવા માટે નસીબદાર બનતા હોય છે.

જીવનનાં અંતિમ દિવસો પસાર કરવા માટે કાશીમાં આવનારા મનુષ્યો માટે કાશીમાં એક ધર્મશાળા છે જેનું નામ છે ''મુક્તિ ભવન''.

જે લોકોને એવો એહસાસ થતો હોય કે પોતાનું મૃત્યુ ખૂબ જ નજીક છે, પોતાનાં મૃત્યુનો જે લોકોને અંદેશો મળી ગયો હોય, પૌરાણિક માન્યતા પ્રમાણે મૃત્યુ પછી મોક્ષની પ્રાપ્તિ ઈચ્છતા હોય એવા લોકો માટે બનાવેલા આ મુક્તિભવનમાં વ્યકિત વધુમાં વધુ સોળ દિવસ જ રહી શકે છે. સોળ દિવસમાં જો એ વ્યકિત મૃત્યુ ના પામે, સોળ દિવસમાં જો વ્યક્તિને પોતાના જીવનમાંથી મુક્તિ ના મળે તો તેને કાશીનાં આ મુક્તિ ભવનમાંથી તો મુક્તિ લઈ જ લેવી પડતી હોય છે, સોળ દિવસ પછી 'મુક્તિ ભવન' છોડી દેવું પડતું હોય છે.

દીપક રમોલા નામનો એક યુવાન 'ફ્યુઅલ' એટલે કે Froward the Understanding of Every Life Lesion' નામની એક વૈચારિક ચળવળ ચલાવે છે. આ ચળવળ અંતર્ગત ડેપક અને તેની ટીમ જીવનમાં શીખવા જેવા અને જીવનમાં ઉતારવા જેવા પાઠો સતત એકત્ર કરતાં રહે છે અને લોકો સુધી વિવિધ માધ્યમો દ્વારા પહોંચાડતા રહે છે. આવાં જ એક આશય સાથે દીપક રમોલા કાશીના એ મુક્તિ ભવનમાં એક અઠવાડિયું રહ્યા. મૃત્યુનાં અંદેશા સાથે મુક્તિ ભવનમાં પોતાના અંતિમ દિવસો પસાર કરવા માટે આવનાર ઘણી વ્યકિતઓ સાથે તેમણે ઘણી વાતચીત કરી.

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી

એ મુક્તિભવનનાં સંચાલક ભૈરવનાથ શુક્લ. દિપક રમોલાએ તેમની સાથે પણ વાતચીત કરી. શુક્લ સાથે રમોલાએ વાતચીત કર્યા મુજબ તેઓ છેલ્લા ચુમાલીસ વર્ષથી મુક્તિભવનમાં સંચાલક તરિકે સેવા આપે છે અને એ સમય દરમ્યાન મુક્તિભવનમાં મોક્ષની અપેક્ષાએ આવનાર વ્યકિતઓમાંથી આશરે બાર હજારથી વધારે લોકોને તેમણે મૃત્યુ પામતા જોયા છે. મોક્ષ અર્થે મુક્તિભવનમાં રહેવા આવનાર વ્યકિતઓ અને મુક્તિભવનનાં સંચાલક સાથેની વાતચીતના અંતે દિપક રમોલાએ જીવનમાં શીખવા જેવા અને લોકો સુધી પહોંચાડવા જેવા બાર મહત્વનાં પાઠો તારવ્યા.

તેમાનો એક સૌથી મહત્વનો પાઠ દિપક રમોલાએ તારવ્યો કે ''તમારા મૃત્યુ પહેલા, તમે આ ફાની દુનિયામાંથી વિદાય લ્યો, મુક્તિ મેળવો એ પહેલા તમારા બધા જ મિત્રો, સ્નેહીઓ, સંબંધીઓ, કુટુંબીજનો અને આપ્તજનો સાથે સુમેળભર્યા સંબંધો કાયમ કરીને જાવ. તમારા સૌ સ્નેહીઓનાં મન અને હૃદયમાં તમારા પ્રત્યે સ્નેહ અને પ્રેમના ભાવોનું આરોપણ કરીને જાવ. તમારા મનમાં પણ કોઈ જ પ્રત્યે રાગ કે દ્વેષ ના રહે, તમારા મનમાં પણ સૌ કોઈ પ્રત્યે સ્નેહ અને પ્રેમનો ભાવ જ રહે એવા વાતાવરણનું સર્જન કરીને મૃત્યુ પામો.

શ્રીમદ ભાગવત ગીતામાં શ્રીકૃષ્ણએ અર્જુનને 'તત્વ' વિષે વિગતવાર સમજણ આપી છે. શ્રીકૃષ્ણ એવું કહે છે કે ઈશ્વરનાં સાક્ષાત્કાર વડે 'તત્વ' જાણી શકાય છે. શ્રીકૃષ્ણએ જણાવેલા 'તત્વ' વિશે જાણ્યા પછી, શ્રીકૃષ્ણનું વિરાટ સ્વરૂપ નિહાળ્યા પછી અર્જુનને એવો ભાવ જાગે છે કે કે પોતે પ્રભુનાં અનેક અપરાધો કર્યા છે અને પોતે પોતાના અપરાધો બદલ શ્રીકૃષ્ણની ક્ષમા માગવી જોઈએ તેથી પોતાના અપરાધોની ક્ષમા માંગતા અર્જુન કહે છે કે,

તસ્માત પ્રણમ્ય પ્રણિધાય કાયં
પ્રસાદયે ત્વામહમીશમિડયમ
પિતેવ પુત્રસ્વ સખેવ સખ્યુઃ
પ્રિયઃ પ્રિયાયાર્હસી દેવ સોઢુમ

(ગીતા ૧૧-૪૪)

અર્થાત, આપ જીવમાત્રનાં પૂજનીય છો તેથી હું આપને સાદર સાષ્ટાંગ દંડવત પ્રણામ કરું છું. અને આપની કૃપાની યાચના કરું છું. જેવી રીતે એક પિતા પુત્રનું ઉદ્ધત વર્તન સહન કરે છે, એક મિત્ર પોતાના મિત્રનું ઉદ્ધત વર્તન સહી લે છે. એક પ્રિય પોતાના પ્રિયજનનું ઈદ્ધત વર્તન સહી લે છે એમ જ આપ કૃપા કરીને આપના પ્રતિ થયેલા મારા આપરાધોને સહ્ય ગણશો.

(ક્રમશઃ)

દિપાવલી ઉત્સવ એ જીવન આનંદનું પ્રતિક બની રહો

ઈશ્વરે ઉત્પન્ન કરેલ સૃષ્ટિ અને બ્રહ્માંડ ખૂબ અદ્ભૂત છે. તેની રચના પાછળ અગણિત હેતુઓ અને પરિણામો સમાયેલા હોય છે. સજીવ સૃષ્ટિના જીવની સંખ્યા, જાતિ, પ્રજાતિ એટલા વિસ્તૃત છે કે આપણે



ગણી શકતા નથી અથવા તેમના જીવન વિશે માહિતગાર થઈ શકતા નથી. ચોમાસાનો પ્રવેશ હવે ચીલાચાલુ રીતે થતો જ નથી કેમ કે જળવાયુ પ્રદૂષણ કહો કે ગ્લોબલ વોર્મિંગ કહો પણ ચોમાસું મોડું શરૂ થાય છે, અને તે નવરાત્રી કે દિવાળી સુધી ચાલે છે. આભમાંથી વરસતા અમૃતને વર્ષા નહીં પણ જીવન અમૃત ધારા કહેવી જાઈએ જેના પર સમગ્ર સૃષ્ટિનું પુરું અસ્તિત્વ ટક્યુ છે. વૈજ્ઞાનિકો, જયોતિષીઓ પણ પ્રભુની અવિરત કૃપા હોય તો સાચા સાબિત થાય છે. પ્રત્યેક દિવસ પ્રભુની જ પ્રસાદી છે તેવું માનતા આપણા સમાજમાં શ્રદ્ધા તો અકબંધ રહી છે પરંતુ આનંદ ઘટી રહ્યો છે. દિવાળી એ જીતના આનંદનો તહેવાર છે. રામરાજય ફરીથી રચાયું, સત્ય અને નીતિની જીત થઈ તે માટે ઉજવાતું પવિત્ર પર્વ છે. નવી આશાઓ માટેનો ઉમંગ ભર્યો આ તહેવાર હોવાથી બધા પરસ્પરના મત મતાંતરને આકાશમાં ઉછાળીને એકબીજાને હર્ષથી સ્વીકારી આપે તે દિપાવલી પર્વ છે! જીવન આનંદને મજબૂત કરનાર તહેવારોમાં દિવાળી મુખ્ય છે. જીવનમાં બધું જ કુદરતની કૃપાથી ઉપલબ્ધ હોય પરંતુ વ્યક્તિના વૈચારિક જીવનમાં જ જો ઉદાસીનતા, અંધકાર, વ્યસન, નકારાત્મકતા ભરી પડી હશે તો તેને આનંદની અનુભૂતિ કદાપિ થશે જ નહીં!!

'ઢલતી શામ ઔર દૌડતી જિંદગી કે બીચ
યે તુમ સે પ્યાર ભરી બાતે હી દિપાવલી હૈ...'
'દર્દ સબ કે એક હૈ
મગર હોંસલે સબ કે અલગ અલગ હૈ
કોઈ હતાશ હો કે બિખર ગયા
તો કોઈ સંઘર્ષ કર કે નિખર ગયા.'

પ્રત્યેક વ્યક્તિ હંમેશા બે પ્રમુક લાગણી સાથે જીવે છે એક સ્વયંનાં અસ્તિત્વની અને બીજી વિજયી થવાની ત્યારે દિવાળી એ વિજેતા થવાનાં પ્રકાશના પર્વની વધુ ઉમદા પહેચાન ધરાવે છે !

યુગ એવો આવી પહોંચ્યો છે કે જે શક્તિશાળી કે મહત્તમ રીતે સક્ષમ હશે એ જ મેદાનમાં ટકી રહેશે એટલે બધા જ દેશોમાં અસ્તિત્વનો સંઘર્ષ ચાલે છે. ભારતમાં પણ ઘણું પરિવર્તન આવી ગયું છે. સવલતો અને ચીજોની કમી નથી પરંતુ સૌના વિકાસ અને સાથની છે પણ પ્રજામાં જીવન રૂચિ કે આનંદનું પ્રમાણ અવશ્ય નીચે ગયું છે. આપણે આર્થિક પરિભાષામાં ચર્ચા કરવી નથી છતા એ નોંધપાત્ર હોય છે કે માણસનો ઉમંગ ઉત્સાહ કે આનંદ તેની આવકની માત્રા સાથે ચોક્કસ રીતે સંલગ્ન હોય છે. વર્ષો જૂની આર્થિક સંસ્થાઓ પડી રહી છે. સ્થિતિને સમગ્રપણે બદલાવવા સરકાર ખાનગીકરણને મહત્તા આપી રહી છે જેથી પ્રજાને વધુ ઝડપી, સસ્તી અને ઉમદા સેવાઓ કે ચીજો મળતી થાય, સારી બાબત છે છતાં દિવાળી સમયે બજારમાં રોનક હજી ચમકતી નથી ડિમાંડ નબળી છે એ જ પ્રશ્ન પ્રવર્તે છે.

નવરાત્રીના નવ દિવસ કોઈમ્બતુર ગુજરાતી સમાજ દ્વારા આયોજિત નવરાત્રી માણવાની તક મળી ત્યારે એ બાબત જાણવા મળી કે આપણે ગુજરાતની સંસ્કૃતિને હજી ત્યજી નથી. બીજું એકાગ્રતા, લક્ષ્ય પ્રાપ્તિ અને પરિણામ ઉમદા કરવા ગાયકવૃંદ કે જે અમદાવાદથી આવેલું તે જે રીતે ઉત્સાહથી કામ કર્યું તેનાથી જીવન આનંદની વ્યાખ્યા જડી. ગાયકો અને સાથીઓનો ઉત્સાહ જોઈને એક આનંદ થયો કે સ્વયંના પરિણામો ખુદના સુખમાં વૃદ્ધિ કરતા જ હોય છે!! કરોડો કમાતા લોકો જ સુખ પામે એ માન્યતા ખોટી છે, સવલતો એ સુખ નથી. દિવાળી તહેવારે બધા જીવન આનંદના માર્ગોની તલાશ કરે છે તેમાં મનપસંદ સત્વની હાજરી હોય જે દિવાળી પર્વને સાર્થક કરે છે. આજના આમ વ્યક્તિની અંગત વ્યથા કંઈ આવી છે.

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

કોઈ ચલણી નોટ જેવી જિંદગી જીવી ગયો.
હું બધાના હાથમાં ફરતા હવે ફાટી ગયો.

તહેવાર એ વ્યક્ત કરે છે કે તમારે ફાટી જવાનું નથી પરિવર્તનો થતા જ રહેશે તેમા પણ આનંદી કાગની જેમ રહેવાનું છે. રામ એ જીવન માર્ગદર્શન છે અને દિપાવલી અંતે સત્યના જીતનાં અજવાળાનું સુંદર પ્રતિક છે. અંધકારને હોય ધિક્કાર !

વર્ષો પહેલા તહેવારોમાં પોતિકા પ્રાણ હતા કેમ કે સમાજમાં નીતિ, સત્ય, ન્યાયપ્રિયતા, કરુણા, સ્નેહ શુદ્ધ સોના જેવા હતા. વહેલી સવારથી પણ વહેતા નવા વર્ષના રામ રામ કે જયશ્રી કૃષ્ણ કે જય સ્વામિનારાયણ કહીને મળવા આવતા લોકો જાણે કે પોતાના જ પરિવારના જણ હોય તેવી લાગણી કરાવી જતાં. આજે પણ વધુ કેલેન્ડરમાં ચિપકી રહ્યા છે અને લૌકિક વ્યવહારમાં માત્ર ઔપચારિકતા જ વધી છે ત્યાં સાચુકલો ઉલ્લાસ યા આનંદ નથી એ કડવી હકીકત ને માનવી પડશે. પ્રકાશનો અર્થ છે જ્ઞાન, વધુ સમજણ, વધુ સ્વીકૃતિ લાવવાની એક રોશની જે લોકોમાં સૌહાર્દ, સહિષ્ણુતા, પ્રેમમાં વૃદ્ધિ કરે. ડિજિટલ દુનિયામાં ઝડપ અને ચોકસાઈ આવી છે પરંતુ દિલના સંબંધો નબળા પડી રહ્યા છે. માણસ કોનો છે એ નક્કી થઈ શકે તેવું છે નહીં - ચહેરા જુદા મહોરા જુદા અને ભાષા પણ જુદી એટલે જ પ્રેમવિશ્વ નષ્ટ થઈ ગયું છે. એક સુંદર શૅર છે -

'નહીં જામે હવે મહેફિલ
અહીં મન સૌના જુદા છે
કોઈ સમજે છે ગાલિબ ખુદને
તો કોઈને મન પોતે જ ખુદા છે.'
આજકાલ સબ ખામોશ હૈ
કોઈ આવાજ નહીં કરતા
સચ બોલકર કોઈ
કિસી કો નારાજ નહીં કરતા...

સામાજિક, આર્થિક, ભૌતિક પરિસ્થિતિ પ્રત્યેક દિન બદલાઈ રહી છે પરંતુ જરૂરત એ છે કે લોકો લાગણીઓ કે ભાવનાઓને બજારનાં હવાલે ના કરે તો વિશ્વ સુંદર રહી શકશે અને દિવડાઓનું તેજ પણ જીવન આનંદનો માર્ગ દર્શાવી શકશે. તેજહિન થવું એ જ પતન છે જેને દિપાવલી રોકે છે. બધા વાચકોને દિવાળીની ખુબ ખુબ શુભેચ્છાઓ અને નૂતન વર્ષાભિનંતન.